

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બેફામ નિવેદનો કરી એ આતંક મચાવે છે,*
*એક છોકરડું આખું પોલીસતંત્ર નચાવે છે,*
*બચાવે છે સરકાર કોણ જાણે એને શું કામ ?!*
*'પટેલ-મત' નામે એ તંત્રને હચમચાવે છે...*

### હાઈકુ

*થયો બચાવ !*
*'પાટીદાર'ની ઢાલે -*
*બચાવ્યું નાક...*
*(સ્થાનિક-સ્વરાજ)*

*થૈ નથી જતો -*
*બૂમ-રાડ-ચીખોથી,*
*રાષ્ટ્ર-વિકાસ...*
*(છાપ બગડે છે..*
*- ગુણવંત શાહ)*

### ચિંતન

**કિં કુલેન વિશાલેન શીલ મેવાત્ર કારણમ્ ।**
**કૃમયઃ કિં ન જાયન્તે કુસુમેષુ સુગન્ધિષુ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ સ્વભાવ વર્ણનનો આ શ્લોક છે :

વિશાળ અને ઊંચું કુળ હોય તેથી શું થઈ ગયું. ખરેખર તો શીલ-સ્વભાવ જ મુખ્ય કારણ આધાર છે. ફૂલ ભલે ગમે તેટલું સુંદર અને સુગંધીદાર હોય છતાં પણ શું એમાં જીવાત-કીડા ઉત્પન્ન નથી થતાં?

ઉચ્ચ જાતિ-કુળમાં જન્મ થયો હોય તેથી કરીને વ્યક્તિ પ્રેમાળ-વિનયી-સજ્જન સ્વભાવનો જ હોય એવું ફલિત થતું નથી. સારા કુળમાં પણ ઉધ્ધત-ઉછ્રૃંખલ અને દુષ્ટ સંતાનો પેદા તો થાય જ છે.

માણસ પૂર્વજન્મના સંસ્કાર, સંગત અને પારિવારિક પર્યાવરણની પ્રાપ્ત થતા સંસ્કાર દ્વારા જ 'સ્વભાવ'નું ઘડતર થાય છે પછી ભલે ને જન્મ નીચાં કુળમાં કે ગરીબ ઘરમાં કેમ ન થયો હોય ? આ વાત સમજાવવા સુંદર સુગંધી ફૂલનું સચોટ દ્દષ્ટાંત આપી કહ્યું છે આવાં સુંદર ફૂલમાં પણ 'જીવાત' તો જન્મ જ છે.

### સુવિચાર

- આપણે જ આપણું ભાવી ઘડીએ છીએ અને લોકો તેને 'નસીબ' નામ આપી દે છે - **ડો. વિક્રમ સારાભાઈ**
- સમય જોઈ સંબંધ રાખે એનાં કરતાં સંબંધ જોઈ સમય આપે તે સાચો સંબંધ - **એસ. ભટ્ટાચાર્ય**
- લોકપ્રિયતા આમંત્રણ વિના આવે છે ને પરવાનગી લીધા વિના જાય છે - **કાજલ ઓઝા**
- નિમિત્ત નાનું અને નુકશાન મોટું એનું નામ ક્રોધ - **ફાધર વાલેસ**
- કશુંક પૂરું થઈ ગયું છે, કશુંક અધુરું છે, કશુંક શરુ થવાનું છે જીંદગી આ જ તો છે - **સૌરભ શાહ**
- સારુ કાર્ય સ્વયંને શાંતિ અને સંતોષ આપે છે અને એ જ એની કિંમત છે - **ડોંગરેજી મહારાજ**
- માણસના સદ્‌ગુણોને યાદ કરવા એનું મૃત્યુ થાય ત્યાં સુધી રાહ જોવાની - **ચંદકાન્ત બક્ષી**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

સીમેન્ટ-ક્રોંકીટનાં જંગલ ઊભાં કરી પર્યાવરણ-વન-જંગલ-ઋતુચક્રને નૂકશાન કર્યું - હવે વાઘ-દીપડા-શહેરમાં - પોતાનું રહેઠાણ ખોરાક શોધવા આવવા લાગ્યા. ચકલા-ગીધ નાશ પામ્યાં દવાઓ છાંટી અનાજ ઝેરી બનાવ્યાં. 'કેન્સર' જેવા રોગોને નિમંત્રણ આપ્યાં. વગેરે ઈશ્વર રચિત પરોપજીવી પ્રકૃતિમાં માથું મારી આપણે જ આફતોને આમંત્રણ આપ્યું...

એક વાર, વિદેશના ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતો ખૂબ પરેશાન થઈ રાજા ફ્રેડરીક પાસે ફરિયાદ કરવા ગયા. પશુ-પંખી અમારા ખેતરોમાં ઊભેલો મોલ ચણી જઈ પાક-ઉપજને નૂકશાન પહોંચાડે છે.

રાજા, આજના ગંડુ રાજાઓ જેવો હતો. તરત ફતવો બહાર પાડી. બધાં જ પંખીઓનો નાશ કરી નાખવા આદેશ આપ્યો. ગામ લોકોએ ખૂશીમાં ઉત્સવ ની ઉજવણી કરી.

બીજે વર્ષે - વર્ષાઋતુ શરુ થઈ. ખેતરો ખેડાયા બીજ વવાયાં. વરસાદ બીજી વાર પણ સારો થયો પણ કોઈના ખેતરમાં અંકૂર ફૂટ્યા જ નહીં... ખેતીવાડીના નિષ્ણાતોએ કહ્યું, બીજ વાવેલાં તે કીડા ખાઈ ગયા પહેલાં આ કીડા પંખીઓ ખાઈ જતાં અને અનાજ-બી બચી જતું - ઉગતું હવે પંખીઓ નથી તેથી ધરતીમાં બીજનો દાણો જ રહ્યો નહીં ખેડૂતોને ખૂબ જ પશ્ચાતાપ થયો.

પ્રકૃતિની વ્યવસ્થામાં અવરોધ ઉભા કરવાનું દુષ્પરિણામ ભોગવવું પડ્યું. પરમાત્માના સૃષ્ટિ-સર્જનમાં આડખીલી ઊભી ન કરો.

## લાલુ નીતીશનાં બારે વહાણ ડુબાડી શકે છે

### તંત્રીસ્થાનેથી....

વિકાસના મુદ્દાં કરતા હિંદુત્વનો મુદ્દો જ ભાજપને ફળતો રહ્યો છે, એની પ્રતીતિ લેખે બિહારમાં એકાએક ચૂંટણીનું ચકડોળ દાદરીકાંડ પછી શરુ થયેલ ગૌમાંસ વિવાદ પર કેન્દ્રીત થઈ ગયું છે. એક તરફ વડાપ્રધાન મોદીની વૈશ્વિક ઈમેજ અને બીજી તરફ સુશીલ મોદી અને ગિરિરાજસિંહથી લઈ કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથનાં ગૌમાંસ સંબંધી નિવેદનો. ભાજપ યેનકેન પ્રકારેણ બિહારની સત્તા અંકે કરવા કૃતસંકલ્પ છે. એ માટે ગાય કે ગીતા - જે કોઈ હાથવગાં હોય એનો ઉપયોગ કરી લેવામાં ભગવી પાર્ટીને કોઈ જાતનો છોછ નથી. લાલુ યાદવ ઘણાં વર્ષો સુધી રાજકીય અજ્ઞાતવાસ અને ઘાસચારાં કૌભાંડ બદલ અદાલતી ચક્કર લગાવ્યા બાદ ગુનેગાર ઠર્યા પછી જનતા વચ્ચે એમના જૂના અને જાણીતા ફોર્મમાં ઝંઝાવાતી પ્રચાર ચલાવી રહ્યા હતા અને પ્રજાને એમના પ્રત્યે સહાનુભૂતિ પણ જન્મી હોય એવું લાગતું હતું. ભાજપના હાઈકમાન્ડને નીતીશ-લાલુની યુતિ શરુથી જ જોખમી લાગતી રહી છે. એમાં પણ રાજકીય વિદૂષકવેડામાં માહેર લાલુ ભલભલા ચમરબંધીની ફિરકી લઈ લે. વળી એમનું જૂનું 'માઈ કા લાલ' સમીકરણ ફરી પાછું કારગત નીવડે તો ભાજપની નામોશીભરી હાર જ થાય. ભાજપના ગ્રહોએ જોર કર્યું અને લાલુની જીભ પર શેતાન આવીને બેસી ગયો. (બીફ એટલે ગૌમાંસ જ નહીં, ભેંસ-પાડાના માંસ માટે પણ એજ શબ્દ વપરાય છે.) લાલુ બોલવામાં ઉતાવળિયા, એટલે હિંદુઓ પણ બીફ ખાય છે- એ મતલબનું નિવેદન કરી બેઠાં. યદુવંશીઓના નેતા અને ગૌમાંસ ખાવાની બાબતને હળવાશથી લે, તે બીજા તો ઠીક પણ યાદવો નહીં જીરવી શકે. ગાય એમને મન માતા છે. કૃષ્ણના વંશજ તરીકે ઓળખાવામાં ગૌરવ અનુભવતા આ ગોપાલકોને લાલુની વિરુદ્ધ ઉશ્કેરવા માટે ગૌમાંસથી વધુ કારગત શસ્ત્ર કયું હોઈ શકે? બીફ હોય કે મટન હોય કે ચિકન કે ફિશ આખરે એમાં હરતા ફરતા જીવની ક્રૂરતાપૂર્વક હત્યા કર્યા પછી એનાં શરીરનો આહાર તરીકે ઉપયોગ થતો હોઈ કોઈ પણ સંસ્કારી મનુષ્ય એના તામસી આહારથી દૂર જ રહેવું પસંદ કરે. પરંતુ કરૂણાનું પોપટરટણ કરતા આ દેશમાં ૭૦ ટકા લોકો માંસાહારી છે, તે એક કડવી હકીકત છે. મોદી એન્ડ કંપનીએ ગત લોકસભાની ચૂંટણી વખતે 'પિંક રિવોલ્યૂશન' મુદ્દે યુપીએ સરકારની ઝાટકણી કાઢીને હિંદુ સમાજની સહાનુભૂતિ અંકે કરવા પ્રયાસ કરેલો. એ જ મોદી વડાપ્રધાન બન્યા પછી બીફનું ઉત્પાદન કે નિકાસ રોકી શક્યા નથી તે કેવી વિડંબના છે ! હવે જયારે માત્ર ને માત્ર વિકાસના મુદ્દે તેઓ દેશ અને દુનિયામાં છવાઈ જવા મથે છે ત્યારે ઓચિંતો જ આ દાદરીનો બનાવ બનતાં ફરી એક વાર હિંદુ મતદારોના ધ્રુવીકરણનો મુદ્દો હાત લાગી ગયો છે. મોદીએ દાદરી વિશે હરફ પણ ઉચ્ચારેલ નથી. પરંતુ મુસ્લિમોની સહાનુભૂતિ મેળવવા કોંગ્રેસના રાહુલથી માંડી ઉત્તરપ્રદેશના અખિલેશ યાદવ વચ્ચે હોડ મચી છે. લાલુ યાદવ બોલતાં તો બોલી ગયા છે પણ એમના 'બીફ બોલ' મહાગઠબંધનને ભારે પડી શકે છે. આઝમ ખાને તો દાદરી અને બાબબીનો પ્રાસ મેળવી બીફ પીરસતી ફાઈવ સ્ટાર હોટલોનાં લાયસન્સ રદ કરી બતાવવા મોદી સરકારને પડકાર ફેંક્યો છે. દાદરી ઘટના ખરેખર દુઃખદ જ છે, પરંતુ એને રાજકીય નેતાઓ દ્વારા મુસલમાનોના નરસંહારની શરુઆત ગણાવવી એ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે.

## સંસ્કારનું પર્યાવરણ અને પર્યાવરણના સંસ્કાર



### વિચારોના મધુવનમાં

પ્રો. રાકેશ પટેલ

એકનાથનું ભજન છે, 'સાકર દિસે પર ગોડી ન દિસે' - સાકર દેખાય છે, પણ તેની મીઠાશ નથી દેખાતી. તાત્પર્ય એ છે કે સૃષ્ટિ (સાકર) દેખાય છે, પણ પરમેશ્વર (મીઠાશ) દેખાતી નથી. આપણી સામે જે સચરાચર જગત દેખાય છે તે પરમેશ્વરનું પરોક્ષ રૂપ છે, પણ તે બધામાં છુપાઈને બેઠો છે.ભારતભૂમિ ઉપર અવતરેલ મનિષિઓએ પરાવાણીમાં દાર્શનિક ચિંતન રજું કર્યુ છે. એમણે જે તે સમયે આપેલ ઉપદેશ આજે પણ એટલો જ સાંપ્રત અને સાર્થક **(relevant and momentous)** છે.

સંસ્કૃત સાહિત્ય એવો ખજાનો છે, જેમાંથી સંશોધક કંઈક નવીન અને માનવ કલ્યાણની કૂંચી શોધવા બેસે તો અવશ્ય સફળ થાય છે.દર્શનશાસ્ત્રો (૦૬ આસ્તિક અને ૦૩ નાસ્તિક) માં મુખ્યત્વે મોક્ષપ્રાપ્તિનાં સાધનો અને તે માટેના અનન્ય માર્ગોનું સૈધ્ધાંતિક નિરૂપણ કરેલ છે.

પ્રત્યેક દર્શન કોઈ એક સ્પષ્ટ માર્ગ સ્વીકારીને જ્ઞાનમીમાંસા,સૃષ્ટીરચના, તત્વમીમાંસા, મુક્તિમીમાંસા અને માનવકલ્યાણની તાર્કિક રજુઆત કરે છે. જેમકે, યોગદર્શનમાં પતંજલિમુનિ સમાધિપાદમાં 'યોગશ્ચિત્તવૃત્તિ નિરોધ' (૧-૨) સૂત્ર દ્વારા યોગની વ્યાખ્યા કરી અંતે 'પુરુષર્થશૂન્યાનાં ગુણાનાં પ્રતિ પ્રસવઃ કૈવલ્યં સ્વરુપપ્રતિષ્ઠા વા ચિતિશક્તેરિતિ॥ (૪-૩૪) (પુરુષાર્થ રહિત થયેલા સત્વાદિ પોતાના કારણમાં આત્યંતિક લય થાય છે એ જ કૈવલ્ય છે.) સૂત્ર દ્વારા આત્યંતિક આનંદની પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત કરે છે.

બૌધ્ધદર્શનનાં વિનયપીટકમાં પંચશીલના સિધ્ધાંતોમાં 'હિંસા ન કરવી'એ ઉપદેશ પ્રાણી અને સજીવ સૃષ્ટીને લાગુ પડે છે. સૉક્રેટીસને સવારે'તો મૃત્યુદંડની સજા થવાની હતી અને તે તો મસ્તીથી જેલમાં સૂતા હતાં. ક્રીટો નામનો વ્યક્તિ તેમની નજદીક છૂપાઈને આવે છે, અને કહે છે : ' તમે શાંતિથી સૂતા હતાં, તેથી તમને જગાડ્યા નહીં. મને આશ્ચર્ય થયું. સામે મોત ઝળૂંબતું હોય અને માણસ શાંતિથી સૂઈ શકે! તમને જેલમાંથી મુક્ત કરાવવા આવ્યો છું. નાસવા માટે સલામત યોજના અમે ઘડી છે. અમારી વાત માનો. અહીંથી નાસી છૂટો.' ત્યારે સૉક્રેટીસે આપેલો જવાબ કાન દઈને સાંભળવા જેવો છે. ' જીવન પોતે મૂલ્યવાન નથી. એ સદાચારી હોય તો મૂલ્યવાન , એ અસદ્ હોય તો નકામું.'

જેને સમાજે બહુ જ મોડેથી જાણ્યાં અને સમજ્યાં તેવા પ્રત્યેક મહાપુરુષે કઈ શક્તિથી પોતાની જાતને ટકાવી રાખી હશે ,તેવો પ્રશ્ન અપ્રસ્તુત તો નથી જ ! તે ઊર્જા સંસ્કારમાંથી, નીતિમત્તમાંથી, સનાતન મૂલ્યો અને આત્માના અવાજમાંથી જ પ્રગટતી હોય છે.

બર્ટ્રાંડ રસેલે તેના પુસ્તક ' ઈંડિવ્યુડલ એન્ડ સોશ્યલ એથિક્સ' માં લખ્યું છે કે 'માનવીમાં રોજબરોજનાં નાગરિક તરીકેના જીવનમાં નૈતિકતા અને ચારિર્ત્યનું બળ ન હોય તો તે સમાજ ધીરે ધીરે નષ્ટ થાય છે'. આજે પ્રત્યેક સમસ્યા સાથે નીતિમત્તાની ઉણપ ઉડીને આંખે વળગે છે. જેની તરફ આખા દેશની નજર છે, જેઓને દેશની સેવા કરવા ચૂંટીને મોકલવામાં આવ્યા છે તેવા નેતાઓ કરોડોના ભ્રષ્ટાચારમાં ડૂબેલા જોવા મળે છે (રાજા કાલસ્ય કારણમ્). પૂરા વિશ્વને જે એક સમયે માર્ગદર્શન આપનારો દેશ હતો તે આજે એકમાત્ર અનીતિભરી ખોટી જીવન પધ્ધતિને કારણે વિકાસ અને વૈભવથી દૂર થતો જાય છે. પ્રશ્ન થાય કે આ દેશ ક્યાં જઈને ઉભો રહેશે?

આપણી આસપાસ એવા અનેક બનાવો બનતા હોય છે, જેમાં વ્યક્તિએ મેળવેલી સઘળી સફળતાઓ એકાદ સ્ખલન અથવા ભૂલથી નામશેષ (સંસ્કારોના અભાવને કારણે) થતી જોવા મળે છે. ત્યારે આપણને પ્રશ્ન થાય કે એ વ્યક્તિને આટલી પણ ખબર નહીં પડતી હોય ! ત્યારે સંસ્કારની ભૂમિકા આપણા ધ્યાનમાં આવે.


આજના યુગના એંધાણ એવા છે કે પ્રત્યેક વ્યક્તિએ એક સાથે અનેક મોરચે લડવાની તૈયારી રાખવાની છે. તેની પાસે પોતાની આંતરીક ઊર્જા હોવી જરુરી છે. તે ઊર્જા સંસ્કારથી **(morality)** સર્જાય છે. સંસ્કાર એ મુશ્કેલ સમયની મૂડી છે, ધરતીના પેટાળમાં વહેતો જળપ્રવાહ છે. સમાજમાં કરોડપતિ કેટલા છે તેની ગણતરી કરાય છે, તે જ રીતે દાનશીલ અને ગુણશીલ વ્યક્તિઓ કેટલા છે તેની પણ ગણતરી ક્યારેક કરવી જોઈએ.

વિવેકાનંદે આંતરીક સૌંદર્ય અંગે ભારતીયોની પ્રશંસા કરતા કહ્યું છે કે 'પશ્ચિમે પ્રકૃતિને જીતવાનો પ્રયત્ન કર્યો છે; પૂર્વના લોકોએ આંતરપ્રકૃતિને જીતવાનો પ્રયત્ન કર્યો છે. હવે પૂર્વ અને પશ્ચિમે એકબીજાની વિશીષ્ટતાઓને હણ્યા વગર, સાથે મળીને એકબીજાના કલ્યાણ માટે મથવું જોઈએ ... પછી નહીં હોય પશ્ચિમ, કે નહીં હોય પૂર્વ, હશે કેવળ માનવતા'.

આપણી પ્રાચીન શિક્ષણ પધ્ધતિ અતિ વૈજ્ઞાનિક અભિગમ ધરાવતી હતી. સંસ્કારને કોઈ એક દિવસની કે એક વ્યક્તિની સહાયથી પ્રાપ્ત થતી ન માનતા. પરંતુ જન્મ પહેલાથી શરું કરી ને મૃત્યુ પછી પણ તે સંસ્કારની જરૂરીયાત સ્વીકારવામાં આવી છે.

**અનુસંધાન પાના નં. ૭ પર**

## આજ કોણ જાણે કયાંથી ભૂમિમાં એટલી શક્તિ અને સામર્થ્ય આવી ગયું હતું કે તે ભાગ્યેશ અને તેની માં સામે અવિરત બોલી રહી હતી



### નવાં કલેવર

નટવર હેડાઉ

બાળપણથી લઈ આજ ત્રીસ વર્ષથી સાંભળતી આવી છું. 'આપણો સમાજ પુરુષપ્રધાન છે. સ્ત્રી અબળા છે. તેને પોતાની જિંદગીના નિર્ણયો લેવાનો કોઈ હક્ક નથી.' કદાચ તેને વિચારવાનો પણ હક્ક નથી. આ બધું માત્ર સાંભળ્યું જ નથી જોયું પણ છે. અને અનુભવ પણ કર્યો છે. પણ વિરોધ કરવાનું સાહસ આજ સુધી કરી શકી નથી. દર વખતે પોતાની જાત પર નારાજ થઈ અટકી ગઈ. મનમાં થતું રહ્યું કે આવું કેમ ? કહેવા ખાતરનો સમાજ મોટી મોટી વાતો કરે છે. આપણે સ્વતંત્ર છીએ. આપણને બોલવા, વિચારવા અને નિર્ણય લેવાનો અધિકાર છે. સંવિધાનમાં પણ છે. પણ સંવિધાનનું સાંભળે છે કોણ ? આજના મોર્ડન જમાનામાં સ્ત્રી અને પુરુષ સમાન છે. કોઈ ફરક નથી. બહારથી આ બધું દેખાય છે. પણ એક સ્ત્રીને એકાંતમાં તમે કયારેય પુછી જોયું છે અને જો પુછ્યું હોય તો તેણે ઈમાનદારી પૂર્વક જવાબ આપ્યો છે ખરો ? આ બધા પ્રશ્નોમાં તે ગુંચવાયેલી હતી ત્યાં ડોરબેલ વાગ્યો.

બારણું ખોલતાં ભાગ્યેશ હતા. સ્મિત સાથે તેમને આવકાર્યા. છતાં છેવટે તેમને પુછી જ નખ્યું. ભૂમિ આજ તારા ચહેરા પરના સ્મિતમાં એ ચમક નથી. એમ લાગે છે કે તારા મનમાં ઘણાં પ્રશ્નો ઘોળાઈ રહ્યા છે. શું વાત છે ? બધું બરાબર તો છે ને ? કોઈ મુશ્કેલી ?

'ના.' ભૂમિએ કહ્યું. 'તો પછી ગરમાગરમ ચ્હાને ભજીયાં થઈ જાય.' 'હમણાં લાવું છું' કહીને રસોડામાં ચાલી ગઈ.

આજ તેની પાસે બધું જ છે. છતાં એક ખોટ સાલે છે 'સંતાનની', જે તેના સ્ત્રીપણાની સામે પ્રશ્નાર્થ ઊભો કરે છે. એવું નથી કે માં બની શકે તેમ નથી. પણ સાસરીયાંઓની દીકરાની મહેચ્છાએ અત્યાર સુધી તેનાં સપનાં સાકાર થવા દીધાં નથી. બે વખત ભગવાને એ અવસર આપ્યો પણ દર વખતે દીકરીના ભ્રૂણને અને તેની કુંખ સાથે તેનાં હૃદયને ધારદાર ચળકતાં ઓજારોથી છીન્નવિછીન્ન કર્યું છે. અને તે આંસુ આંખમાં લઈ બધું સહન કરતી રહી છે. કેમ કે તેને એવા સંસ્કારો અપાયા છે કે સ્ત્રી ચૂપચાપ રહે એમાં જ તેની મર્યાદા અને સુંદરતા છે. પણ આજે એ સુંદરતા કુરુપ અને ડરામણી લાગી રહી છે. તેની તુલના કરવા માટે ભૂમિ પાસે કોઈ શબ્દ નથી.

'ભજીયાં બની ગયાં ?' જલ્દી લાવ બહુ ભૂખ લાગી છે.' ભાગ્યેશે બૂમ પાડી. ત્યારે વિચારોમાં ખોવાયેલી એ ફરી વર્તમાનમાં આવી અને કહ્યું, 'લાવું છું, તૈયાર જ છે.' તે ભજીયાં લઈ ડ્રોઈંગરુમમાં પહોંચી ભાગ્યેશ આતુરતા પૂર્વક તેનો નહીં પણ ભજીયાંનો ઈંતેજાર કરતો હતો.

'વાહ ! ભૂમિ આજ તો મજા આવી ગઈ. ખરેખર તારા હાથમાં જાદુ છે. તને મેળવીને હું તો ખુબ સુખી છું.'

'પણ હું નથી.' તે બોલી.

અચાનક આ વાત સાંભળી ભાગ્યેશ અવાક્ રહી ગયો. મોંમાં મુકેલ ભજીયું જાણે ત્યાં જ અટકી ગયું. ગમે તેમ કરી તેને ગળ્યા પછી પ્રશ્નાર્થ નજરે તેની સામે જોઈ રહ્યો. તેને વાત આગળ વધારવાં કહ્યું, 'શું મને સુખી થવાનો અધિકાર નથી? ભાગ્યે, હું જીવનમાં કોઈ નિર્ણય લઈ જ ન શકું. શું મારે જીવનભર આમ જ તમારી અને તમારા કુટુંબની ખુશીઓ માટે મારાં સુખનું બલિદાન આપવું પડશે ? તેણે બધા પ્રશ્નો એક સાથે પુછી નાંખ્યા. તે પ્રશ્નોની ઝડીએ જાણે કે ભાગ્યેશનું લોહી ચૂસી લીધું. પમ એણે સહજ થઈ તેને પુછ્યું.' 'ભૂમિ, ખરેખર વાત શું છે ? કંઈક કહીશ કે પછી આમ જ પ્રશ્નો પુછતી રહીશ. વાત શું છે. તને મેં શું નથી આપ્યું. તારી પાસે બધું જ તો છે. આજની મોર્ડન સોસાયટીમાં જે જોઈએ એ બધી સુખ સગવડો અને હું તને ખુબ પ્રેમ પણ કરું છું. છતાં ભૂમિ આજ તું આવી વાત શું કામ કરે છે.' 'ભાગ્યેશ હું માં બનવા માંગુ છું. મારે બાળખ જોઈએ.'

'હાં, તો મેં કયાં ના પાડી છે ? આપણે દીકરા માટે કોશીશ તો કરીએ જ છીએ ને.' 'માં ફક્ત માં હોય છે ભાગ્યેશ. દીકરા, કે દીકરીની નહીં. માં માટે જેટલું વહ્વા દીકરા માટે હોય છે એટલું જ અથવા તો સાચું કહું તો તેનાથી અનેગગણી તેને દીકરી વ્હાલી હોય છે. એ વાત તમે કયારે સમજશો.'

'હું છેલ્લા ત્રણ વર્ષથી કઈ રીતે પળ પળ કરી મરી રહી છું. એ વાતનો અંદાજ તમને નહીં આવે. દર વખતે દીકરીના નામે મારા શરીરને જ નહીં પણ તમે અને બા મળી મારા હૃદયને અને મારા અસ્તિત્વને છીનવી રહ્યા છો. ભાગ્યેશ મને એમ કહો કે બા પણ કોઈની દીકરી તો છે કે નહીં. તેમણે તમને જન્મ દીધો. અને હું પણ એક છોકરી છું કોઈની દીકરી છું. જો હું ન હોત તો તમને દીકરો પેદા કરવાની ફેકટરી કઈ રીતે મળત ? ભાગ્યેશ બોલો. જવાબ આપો.'

'જો, ભૂમિ, હું તારી ભાવનાઓને સમજું છું. પણ બાનો અને તેમની ઈચ્છાનો પણ મારે ખ્યાલ રાખવો પડે.'

'બાનો વિચાર કરવાનો અને મારો નહીં? શું ફક્ત્ ઘર, પૈસા, ગાડી એ બધાં ભૌતિક સુખ સુવિધા તમે મને આપી દીધી એટલે તમારું કર્તવ્ય પુરું થઈ ગયું. પણ તમે...'

પહેલીવાર હું જયારે મા બનવાની હતી. તે અનુભૂતિને તમે જાણતા નથી. હું હવામાં ઉડતી હતી. ત્યાં અચાનક દીકરીની લાલસાએ મારી પાંખે કાપી નાંખી. મેં એક વહુ તરીકેનું કર્તવ્ય નિભાવી આંસુ સારી મારી ઈચ્છાને કચડી નાંખી.'

તમે વિચારો અને જૂઓ, આપણી આસપાસ એવા ઘણા લોકો છે. જેને દીકરાની વાત જવા દો દીકરી પણ નસીબમાં નથી. જે સંતાન થી. તમારા બોસ, આપણો માળી, માસીની દીકીર કેટલા એવા લોકો છે. જે તડપે છે. તમારા બોસને શું કમી છે ? પૈસા છે, સારા ડૉકટર છે પણ છેવટે કંઈ નહીં. આજના આ આધુનિક સમાજમાં રહીને એક શિક્ષિત કુટુંબના મોભી થઈ તમે છોકરા અને છોકરીનો ભેદ કરો છો. તમારા કરતાં તો આપણી કામવાળીનો પતિ ઉમદા વિચારો ધરાવે છે. જે એક અભણ મજૂર છે. કહેતો હતો, 'બહેન, છોકરો હોય કે છોકરી તંદુરસ્ત હોવાં જોઈએ. અને તેમનો સારી રીતે ઉછેર થવો જોઈએ. એટલી જ ભગવાનને પ્રાર્થના કરવાની.'

આજ ભાગ્યેશ ચૂપ હતો. કંઈ ન બોલ્યો, પણ ભૂમિનો અવાજ સાંભળી બા જે તેમના ઓરડાની નજીકથી પસાર થઈ રહ્યા હતા તે અટકી ગયા અને બંનેની વાત સાંભળી અંદર આવી ને બોલ્યા. 'ભાગ્યેશ મારો એકનો એક દીકરો છે. જો તેને ત્યાં દીકરો નહીં થાય તો આપણો વંશ આગળ કઈ રીતે વધશે?'

'બા, માફ કરજો પણ જરા વિચારો અને પછી મને કરો કે વંશ આગળ વધારવાને નામે આ રીતે કયાં સુધી દીકરીઓની કુરબાની આપણે આપણાં રહીશું. આમ કરવા જતાં દીકરીને જન્મ દેનારી સ્ત્રીનું જ નામોનિશાન નહીં રહે. તો પણ વંશ આગળ કઈ રીતે વધશે. સૃષ્ટિ જ ખતમ થઈ જશે. અને જો તમને દીકરીઓ ગમતી જ નથી તો તમે માં અંબા, લક્ષ્મી અને સરસ્વતીની...'

'વહુ ચૂપ રે, આવા તારા નક્કામા તર્કોમાં દેવીદેવતાઓને ન ઘસેડ.' 'ના, બા મારો કહેવાનો મતલબ કોઈ ભગવાનને વચ્ચે લાવવાનો

**અનુસંધાન પાના નં. ૭ પર**

## સમજદારીનું મેળવણ...!! દહી જેવી જિંદગી જીવ્યો એ જીત્યો...!!



### Hello ફ્રેન્ડસ

સંજય થોરાત

દૂધની ડેરીએ એક મોટું તપેલું ઢંકાયેલું હતું, જાણોને એમાં આજના લેખની ઘટના જ સાવ શાંત ઠરીને પડી હતી. એક ગ્રાહક આવ્યું અને એક કિલો દહી માંગ્યું... એ તપેલાનું ઢાંકણું ખૂલ્યું અંદર મસ્ત મજાનું સફેદ દહી, સરસ સેટ થઈને પડ્યું હતું, ઢાંકણું ખૂલ્યું અને જાણે મારા લેખનું ભાગ્ય ખૂલ્યું...

આવું સરસ દહી જોઈએ એટલે સ્વાભાવિક જ મોં એ પાણી વછૂટે, ખાવાનો મોહ થઈ જાય, પણ જો અંદર ચમચો નાંખશું તો આ મસ્ત જામેલું દહી તૂટી જશે અને એમાંથી પછી પાણી છૂટવાનું ચાલું થશે, આ એકદમ નિશ્ચિત ઘટના જ છે. પણ જો એ દહીને તોડીએ જ નહીં તો ?

ઑટ ધ એન્ડ ઑફ ધ ડે, એ એકદમ ખોટું થઈ જશે! અને હજી પણ જો થોડા દિવસ એમ જ રાખ્યું તો એકદમ ખરાબ જ થઈ જશે, ખરું ને? તો પછી એનો ઉપયોગ શું? પરફેક્ટ સેટ થયેલાં દહીનો ઉપયોગ શું?

આપણાં જીવનનું પણ એવું જ હોય છે, નહીં? દહીની જેમ એકદમ સેટ થયેલી જીંદગી અવશ્ય ગમશે જ, જોવામાં રૂપાળી, સ્વાદમાં બેસ્ટ, પણ જો જિંદગી એવી જ સેટ રહી તો એમાંથી મિઠાશ નીકળી જશે, સડવા લાગશે, અને છેલ્લે ખરાબ થઈ ફેંકવી પડશે!

એના કરતાં રોજ ના રોજ જિંદગીનું દહીં મેળવણ નાંખી નવું બનાવતાં જ રહેવું પડે. જિંદગીની મિઠાશ ચાખવા, જિંદગીને અલગ અલગ ટેસ્ટથી જીવવા, દહીની જેમ દિવસ દરમિયાન અલગ અલગ સ્વરુપે એનો અનુભવ લેતાં જ રહેવું પડે...

કયારેક ખાંડ નાંખીને, કયારેક મીઠું નાંખીને, કયારેક રાયતાના ભાગ બનીને, તો કયારેક ખિચડી સાથે હાથ મિલાવીને, કયારેક કોઈ શાકની ગ્રેવીનો ભાગ બનીને... બધા સાથે સાથે બનાવો એટલે અલગ સ્વાદ મળવાનો ચાલુ થાય...

કયારેક પોતાની જાતને વલોવીને છાશ બનીને, જમ્યા પછીનો સંતૃપ્તીનો ઓડકાર આવે ત્યારે છાશનો પ્યાલો બનીને હોઠે મંડાવું પડે... આ દહી ગમે તેટલું પાણી સમાવીને પણ છાશ બની જે એના ગુણધર્મથી ફાયદા કરાવે એ ભલભલાને ગમે છે... આમ તો જરુર કરતાં વધુ પાણી છાશમાં પડી જાય તો એ પાતળી છાશ જેમ ન ભાવે એમ જ જિંદગીનું છે, બધું પ્રમાણસર હોય તો જ જામે...



જામવાની વાત પરથી યાદ આવ્યું, દહીંને કાપડમાં બાંધી રાતભર લટકવું પડે, એમાંથી પાણીનું તત્ત્વ સંપૂર્ણ બાદ થાય પછી મસ્કો તૈયાર થાય.... એને બરાબર મિક્સ કરી ખાંડને ભેળવી તૈયાર થાય શ્રીખંડ, એમાં જે વસ્તુ પડે એ પ્રમાણે એ નામ ધારણ કરે, ઈલાયચી, મેંગો, પિસ્તા, ડ્રાયફ્રુટ, નવરત્ન, કેશર... અને એ શ્રીખંડ થાળીમાં પીરસાય વાગની તરીકે... આપણાં જીવનનું પણ આવું જ છે, ખૂબ નિચોવાઈ જઈએ, અહમ્‌નું પાણી નીકળે, કર્મની ખાંડ ઓગળે અને વિવિધ કાર્યોની ફ્લેવર ઉમેરાય ત્યારે શ્રીખંડ જેવી ઓળખ બને અને પાંચ પકવાનની થાળીના એક પદાર્થ તરીકે આપણું સન્માન થાય...

દહીમાંથી લસ્સી બને, લોકો સોફ્ટ ડ્રિંક્સ કરતાં લસ્સીને વધુ પ્રેમ કરે છે, કારણ સ્પષ્ટ છે એનો સ્વાદ અને ઓરીજીનાલીટી, બે લિટરની પેપ્સી પીઓ અને એક ગ્લાસ લસ્સી પીઓ, ફરક સ્પષ્ટ થઈ જશે, જે મૂળભૂત રીતે સારાં છે, એ કોઈ પણ સ્વરુપે હાજર કરો સારાં જ રહેશે!

દહીંમાંથી બનતી છાશ અને એને મીઠા લીમડાંનો જો મળે વઘાર તો બની જાય કઢી, રિંગણનો ઓળો હોય તો સાથે દાળ ન ચાલે, કઢી જ જોઈએ... એટલે કઢીએ પોતાનું એક આગવું સામ્રાજય ઊભું કર્યું છે. ખીચડી જોડે કઢી જ ચાલે, સાંજના વાળુમાં કઢી-ખીચડી ઉત્તમ ખોરાક મનાય છે, એટલે તમારું ઓરીજીન જો સારું હોય તો તમે એમાંથી વધુ સારાં ગુણો કેળવીને પોતાનું સ્થાન મજબૂત કરી શકો!

બુંદી રાયતું હોય કે ફ્રાય દહીં, દહીંવટા હોય કે ચટણીપુરી, જરા દહી વગરની કલ્પના તો કરી જુઓ... અરે ભગવાનની પૂજામાં વપરાતાં પંચામૃતમાં પણ આનું સ્થાન પાક્કું જ છે... તબીયત નરમ-ગરમ થાય તો દહીં ખાવાનં ડૉકટર કહેતાં હોય છે... માઉન્ટ આબુ જેવા રેલવે સ્ટેશને તો કુલડીમાં જમાવેલું દહી ખાવા પેસેન્જર રાહ જોઈ બેઠાં હોય છે. એટલે એમ કહોને આ દહીં એ ઘર-ઘરમાં પોતાનું સ્થાન જમાવી બેઠું છે...

> ઘટના તો સાવ શાંત હતી આ,
> તોય ભીતર કૈ પડઘાયું છે.
> અહીંથી ત્યાં સૌ દોડે છે બસ,
> કારણ ક્યાં કંઈ પકડાયું છે?

આ બધાંમાં એક વાત તો ખાસ યાદ રાખવાની હોય છે કે દહીં ખલાસ થતાં પહેલાં એમાંએથી બીજા દિવસનું દહીં જમાવવા થોડુંક મેળવણ જરુર બચાવવાનું હોય છે.

આખો દિવસ માણેલી ક્ષણોને આ કેરીફોરવર્ડ કરવાની વાત છે. આજે આપણે એ જે કાંઈ જીવ્યા એ તો પત્યું પણ આવતીકાલે તો નવું ફ્રેશ દહી જોઈએ જ અને એટલે રોજ રાત્રે સૂતા પહેલાં દૂધમાં મેળવણ નાંખીને નવાં દિવસની નવી રેસિપી માટે નવું દહીં જમાવવું જ પડે!

મને ખબર છે, રોજ કંઈ સારું દહી બને એ જરુરી નથી. ધારો કે કયારેક ન જામ્યું, ફાટી ગયું, ખાટું થઈ ગયું, પાણી-પાણી થઈ ગયું, કડવું થઈ ગયું... તો પછી આશા છોડવાની નહીં, ફરીથી નવી શરુઆત કરવાની. અને એ માટે મેળવણ માંગવાની જરુર પડે તો સંકોચ રાખ્યા વગર પાડોશીને ત્યાં વાટકી લઈને પહોંચી જવાનું, ભાઈ એમાં તો મજા છે...

મેળવણ એ જ તો સંદેશો આપે છે કે આપણી જિંદગીનું દહીં જમાવવા પાડોશી, મિત્રો, સગા કે બોસ પાસેથી મદદ તો મેળવણ જેટલી જ લેવાય કાંઈ તપેલા ભરીને ન લેવાય! જિંદગીના દહીંને જમાવવાં સમજણનું મેળવણ મહત્ત્વનું છે. મેળવણ ભલે માગીને લાવીએ પણ દહી તો રોજ માટે તાજું જ જમાવવું જોઈએ અને જિંદગીનો મીઠો ટેસ્ટ માણવો જોઈએ!

'સાહેબ, તમને શું આપું?' દુકાનવાળો બોલ્યો અને મારી તંદ્રા ખૂલી ગઈ, હવે આને હું શું કહું કે મને જે જોઈતું હતું એ તો મફતમાં મળી ગયું, તોય એને રાજી રાખવા દસ રૂપિયાનું મેળવણનું દહીં લઈને નીકળ્યો, મારી જિંદગીના દહીને જમાવવાના મસ્ત-મીઠાં સંકલ્પ સાથે...

**ચૂંટલો :** દહીંની જેમ જિંદગી જીવીએ તો અહીંથી ત્યાં દોડાદોડ કરવાની જરુર જ નથી. બધાં ગુણો સ્વીકારો, મસ્ત બનીને જીવો અને શ્રીખંડની જેમ થાળીની શોભા બનો... પોતાના અહમને ઓગાળવા મેળવણનું દહીં જમાવો બાકી જિંદગી જબરદસ્ત જામી જશે.

**(શીર્ષક પંક્તિ : મનોજ એલ. જોષી 'મન')**